રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧


-: અખબારી યાદી:-

# સ્માર્ટ સિટિઝ મિશન દ્વારા 'ઇન્ડિયા સાયકલ ફોર ચેન્જ' ચેલેન્જ હેઠળ દેશના ૧૧૩ શહેરોમાંથી પસંદ પામેલા ટોપ-૧૧ શહેરોમાં રાજકોટની પસંદગી થઇ: રૂપિયા ૦૧ કરોડનો પુરસ્કાર મળશે

તેમ મેયરશ્રી ડો. પ્રદીપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કર પટેલ અને મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાની જાહેરાત

તારીખ: ૨૯-૦૭-૨૦૨૧





ITDP India Programme | Smart City Mission Transformation | Ministry of Housing and Urban Affairs, Government of India | FIT INDIA | स्वच्छ भारत — एक कदम स्वच्छता की ओर

INDIA
# CYCLES4CHANGE
CHALLENGE

# CONGRATULATIONS

## TO OUR STAGE 1 AWARDEES

Bengaluru | Bhubaneswar | Chandigarh | Kohima
Nagpur | New Town Kolkata | Pimpri Chinchwad | Rajkot
Surat | Vadodara | Warangal

JURY SPECIAL MENTION

Aurangabad | Gurugram | Jabalpur | Silvassa






શહેરોને સાયકલ ફ્રેન્ડલી બનાવવા અને નાગરિકોને સાયકલને ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી સ્માર્ટ સિટિઝ મિશન દ્વારા ‘ઇન્ડિયા સાયકલ ફોર ચેન્જ’ ચેલેન્જની શરૂઆત કરવામાં આવી હતી. આ ચેલેન્જમાં વિવિધ ૧૧૩ શહેરોએ ભાગ લીધો હતો જેમાંથી ૨૫ શહેરોની સ્ટેજ-૧માં પસંદગી કરવામાં આવી હતી જેમાંથી ટોપ ૧૧ શહેરોની પસંદગી તા. ૨૮-૦૭-૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ અને જેમાં રાજકોટ શહેરની પણ પસંદગી થતા રાજકોટ શહેરને રૂપિયા ૦૧ કરોડનું પુરસ્કાર મળશે, જેનો ઉપયોગ શહેરમાં સાયકલિંગને પ્રમોટ કરવા તેમજ તેનો વ્યાપ વધારવા માટે કરવામાં આવશે તેમ મેયરશ્રી ડૉ. પ્રદીપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કર પટેલ અને મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

આ ચેલેન્જમાં રાજકોટ શહેરએ ઇકલી દ્વારા સંચાલિત કેપેસીટીઝ પ્રોજેક્ટના સહયોગથી ભાગ લીધો હતો. રાજકોટમાં આ ચેલેન્જના ભાગ રૂપે પોટેન્શિયલ સાયકલિંગ રૂટ અને સાયકલિંગ દરમ્યાન લોકોને જરૂરી સુવિધાઓ અંગે એક સર્વે કરવામાં આવ્યો હતી જેના બાદ BRTS રૂટ પર એક પાયલોટ પ્રોજેક્ટ ચલાવવામાં આવેલ. નાગરીકોમાં સાયકલ અંગે જાગૃતતા લાવવા માટે તેમજ cycle2work ને પ્રમોટ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાએ દર શુક્રવારે કર્મચારીઓ દ્વારા સાયકલનો ઉપયોગ કરી ઓફીસે આવવા માટે એક અભિયાન પણ ચલાવેલ. આ ચેલેન્જ અંતર્ગત રેસકોર્સ ગાર્ડન પાસે PPP ધોરણે સાયકલિંગ શેરિંગ પ્રોજેક્ટની પણ શરૂઆત કરવામાં આવેલ છે. શહેરમાં સાયકલનો ઉપયોગ વધારવાથી શહેરની આબોહવાને પણ ફાયદો થશે.

(પી.એ.ટુ મેયર)